# દરેક કેન્સર જૈવિક રીતે અલગ હોય છે



**કેન્સર હવે એકસરખી પદ્ધતિથી સારવાર કરી શકાય તેવી એકમાત્ર બિમારી તરીકે જોવામાં આવતી નથી. આજે વૈજ્ઞાનિક સંશોધનથી સ્પષ્ટ થયું છે કે એક જ અવયવમાંથી ઉત્પન્ન થયેલ કેન્સરના બે દર્દીઓમાં પણ જૈવિક સ્તરે મોટો ફરક હોય શકે છે**

કેન્સર હવે એકસરખી પદ્ધતિથી સારવાર કરી શકાય તેવી એકમાત્ર બિમારી તરીકે જોવામાં આવતી નથી. આજે વૈજ્ઞાનિક સંશોધનથી સ્પષ્ટ થયું છે કે એક જ અવયવમાંથી ઉત્પન્ન થયેલ કેન્સરના બે દર્દીઓમાં પણ જૈવિક સ્તરે મોટો ફરક હોય શકે છે. ઉદાહરણ તરીકે, બે દર્દીઓને એકસરખા સ્ટેજનું સ્તન કેન્સર હોવા છતાં તેમના ટ્યુમરના જીનેટિક ફેરફારો, કેન્સરના વૃદ્ધિની ગતિ, પુનરાગમનની એટલે કે ઉથલો આવવાની શક્યતા અને સારવાર પ્રત્યેનો પ્રતિસાદ અલગ હોય શકે છે. આ સમજણના આધારે 'વ્યક્તિગત કેન્સર સારવાર' અથવા 'પ્રિસિઝન ઓન્કોલોજીનો વિકાસ થયો છે, જેમાં દરેક દર્દીના કેન્સરની વિશિષ્ટ જૈવિક ઓળખને આધારે સારવાર નક્કી કરવામાં આવે છે.

## ટ્યુમરની જીનેટિક તપાસનું મહત્વ

કેન્સર કોષોમાં થતી જીનેટિક મ્યુટેશનને કારણે વિકસે છે. આ મ્યુટેશન દરેક દર્દીમાં અલગ હોય શકે છે. આધુનિક ટેકનોલોજી જેમ કે મોલેક્યુલર પ્રોફાઈલિંગ, બાયોમાર્કર ટેસ્ટીંગ અને નેક્સ્ટ જનરેશન સિકવેન્સીંગ દ્વારા ટ્યુમરના અંદરના જૈવિક ફેરફારોનું વિગતવાર વિશ્લેષણ શક્ય બન્યું છે. આ તપાસથી જાણવા મળે છે કે કયા ખાસ જીનેટિક બદલાવ કેન્સરની વૃદ્ધિને પ્રોત્સાહન આપી રહ્યા છે અને કઈ દવા એ માર્ગને અવરોધી શકે છે. આ રીતે સારવાર માત્ર કેન્સરના સ્થાનને નહીં, પરંતુ તેના મૂળ કારણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

## દરેક દર્દી માટે અલગ સારવાર યોજના

**કેન્સરથી મોટી જિંદગી**
**ડો. કૌશલ પટેલ**

વ્યક્તિગત સારવાર માત્ર ટ્યુમરના જીનેટિક રિપોર્ટ પર આધારિત નથી. દર્દીની ઉંમર, શારીરિક સ્થિતિ, અન્ય બિમારીઓ, અંગોની કાર્યક્ષમતા, કેન્સરનો સ્ટેજ અને અગાઉ આપવામાં આવેલી સારવારનો પ્રતિસાદ - આ બધું ધ્યાનમાં રાખીને સારવાર નક્કી કરવામાં આવે છે. કેટલાક દર્દીઓ માટે આક્રમક કોમ્બિનેશન થેરાપી યોગ્ય હોય શકે છે, જ્યારે કેટલાક માટે ઓછી ઝેરી અને લાંબાગાળાનું નિયંત્રણ આપતી સારવાર વધુ યોગ્ય બને છે. શરૂઆતના સ્ટેજના કેટલાક કેન્સરમાં ખાસ જીનેટિક સ્કોરના આધારે કિમોથેરાપી ટાળવી પણ શક્ય બને છે. આ રીતે અનાવશ્યક સાઈડ ઈફેક્ટથી બચાવી શકાય છે.

## ટાર્ગેટેડ થેરાપી અને ઈમ્યુનોથેરાપી

ટાર્ગેટેડ થેરાપી એવી દવાઓ છે જે કેન્સર કોષમાં રહેલા ચોક્કસ મોલેક્યુલર માર્ગને નિશાન બનાવે છે. પરંપરાગત કિમોથેરાપી કરતા આ સારવાર વધુ ચોક્કસ હોય છે અને ઘણીવાર ઓછી આડઅસર આપે છે. પરંતુ આ દવાઓ ત્યારે જ અસરકારક બને છે, જ્યારે સંબંધિત જીનેટિક મ્યુટેશન હાજર હોય. એટલે યોગ્ય તપાસ વગર આવી સારવાર શરૂ કરવી યોગ્ય નથી. ઈમ્યુનોથેરાપી શરીરના રોગપ્રતિકારક તંત્રને સક્રિય બનાવી કેન્સર કોષો સામે લડવા પ્રેરિત કરે છે. કેટલાક દર્દીઓમાં આ સારવાર લાંબાગાળાના ઉત્તમ પરિણામ આપે છે. પરંતુ દરેક દર્દી તેમાં લાભ લઈ શકે તે જરૂરી નથી. તેથી PD-L1 જેવા બાયોમાર્કર ટેસ્ટીંગ દ્વારા યોગ્ય દર્દીની પસંદગી કરવી જરૂરી બને છે.

## બહુમુખી તબીબી અભિગમ

વ્યક્તિગત કેન્સર સારવારમાં માત્ર દવાઓ જ નહીં, પરંતુ સર્જરી, રેડિએશન થેરાપી, પોષણ માર્ગદર્શન, માનસિક સમર્થન અને રિહેબિલિટેશનનો પણ સમાવેશ થાય છે. અનેક નિષ્ણાંતો - મેડિકલ ઓન્કોલોજીસ્ટ, સર્જિકલ ઓન્કોલોજીસ્ટ, રેડિએશન ઓન્કોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ અને રેડિયોલોજીસ્ટ - સાથે મળીને દરેક કેસની ચર્ચા કરે છે અને દર્દી માટે શ્રેષ્ઠ સારવાર નકકી કરે છે. આ બહુમુખી અભિગમથી સારવાર વધુ સચોટ અને અસરકારક બને છે.

## પડકારો અને જવાબદારી

વ્યક્તિગત કેન્સર સારવારમાં આધુનિક તપાસ અને ટેકનોલોજીનો ખર્ચ વધુ હોય શકે છે. જીનેટિક રિપોર્ટનું યોગ્ય અર્થઘટન કરવા માટે નિષ્ણાંત જ્ઞાન જરૂરી છે. આજના સમયમાં ઈન્ટરનેટ પરથી મળતી સામાન્ય માહિતીના આધારે નિર્ણય લેવો યોગ્ય નથી, કારણ કે દરેક દર્દીની સ્થિતિ અલગ હોય છે. કેન્સરની સારવાર હંમેશા અનુભવી અને પ્રશિક્ષિત ઓન્કોલોજીસ્ટના માર્ગદર્શન હેઠળ જ કરવી જોઈએ.

## ભવિષ્યની દિશા

આવતા સમયમાં લિક્વિડ બાયોપ્સી દ્વારા રક્ત પરીક્ષણથી જ ટ્યુમરના જીનેટિક ફેરફારો પર નજર રાખવી વધુ સરળ બનશે. આ પ્રગતિથી કેન્સરને વધુ નિયંત્રિત અને સંભાળી શકાય તેવી બિમારી બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વ્યક્તિગત કેન્સર સારવાર એ માત્ર વૈજ્ઞાનિક પ્રગતિ નથી, પરંતુ દર્દી કેન્દ્રિત અભિગમ છે. દરેક દર્દી અને દરેક ટ્યુમર અલગ છે - તેથી સારવાર પણ અલગ હોવી જોઈએ. યોગ્ય તપાસ, યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય સમયે સારવાર - આ જ આધુનિક ઓન્કોલોજીની સાચી ઓળખ છે.

## ડિસ્કલેમર

આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને ક્વોલીફાઈડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.

# માતૃભાષા પર્વ નિમિત્તે નર્મદનગરીને મીઠી ટકોર

**આપણી ગરીબડી ગુજરાતીને તો ક્યારેક 'શું - શાં પૈસા ચાર' ગણી ઉતારી પાડવામાં આવતી હતી. આખ્યાન કવિ માણભટ્ટ પ્રેમાનંદ માટે એ અપમાન અસહ્ય હતું. એણે દેશની બીજી અગત્યની ભાષાઓને મળનાર માનપાન પોતાની ભાષાને ના મળે ત્યાં સુધી શિખા છૂટી મૂકી દીધી હતી અને પાઘડી નહોતી પહેરી**

ગુજરાતીઓ ગુજરાતી ભાષાનો મહિમા કરે કે ના કરે, આપણી સાહિત્ય સંસ્થાઓ આ મુદ્દે પૂરતી ઉત્તેજના ધરાવે છે એ ચોક્કસ. માતૃભાષાના મુદ્દે અસ્તિત્વમાં આવેલો દેશ તો કાળક્રમે એની જાત બતાવીને જંપ્યો છે પરંતુ એથી વિશ્વ સ્તરે માતૃભાષાના મહિમાને કોઈ ઘસરકો નથી પડ્યો. દુનિયા આખીમાં માતૃભાષાનું એ આંદોલન જાણીતું છે. અખંડ હિન્દુસ્તાનના ભાગલા પછી અસ્તિત્વમાં આવેલ ઈસ્લામિક રાષ્ટ્ર પાકિસ્તાનની પૂર્વ પાંખ માતૃભાષાના મુદ્દે જ એની આગવી ઓળખ મેળવવા યુદ્ધે ચડી હતી અને તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ એ આંદોલનના સમર્થનમાં આપણી સેના મોકલી આપીને બાંગ્લાદેશ નામની નવી ભૂગોળ રચી આપી હતી. બંગાળી ભાષા વિશ્વની સૌથી વધુ પ્રતિષ્ઠિત સાહિત્યિક ભાષાઓમાં પહેલી હરોળમાં બિરાજે છે. ભારતીય સાહિત્યનું એક માત્ર નોબેલ પારિતોષિક પણ આ જ ભાષાના મહાન કવિના નામે છે. એથી પણ અદકેરો સંયોગ છે કે ભારત અને બાંગ્લાદેશ બેઉનાં રાષ્ટ્રગાન પણ રવીન્દ્રનાથ ઠાકુરની જ દેણ છે. આપણી ગરીબડી ગુજરાતીને તો ક્યારેક 'શું - શાં પૈસા ચાર' ગણી ઉતારી પાડવામાં આવતી હતી. આખ્યાન કવિ માણભટ્ટ પ્રેમાનંદ માટે એ અપમાન અસહ્ય હતું. એણે દેશની બીજી અગત્યની ભાષાઓને મળનાર માનપાન પોતાની ભાષાને ના મળે ત્યાં સુધી શિખા છૂટી મૂકી દીધી હતી અને પાઘડી નહોતી પહેરી. 'શિખા' નામની એક કિશોરીએ ઘણાં વર્ષો પૂર્વે અંગ્રેજીમાં કાવ્યસંગ્રહ રચેલો અને એનાં જાજરમાન કવિસુતા માતાના મીઠા આગ્રહને વશ થઈ માતૃભાષાના પરમ ઉપાસક તરીકે મારે એની અંગ્રેજીમાં જ પ્રસ્તાવના પણ લખી આપવી પડેલી, કારણ કે એ હોનહાર દીકરીના 'નાના' મારા પરમ શુભચિંતક 'મોટા' મિત્ર હતા.

હસમુખ મઢીવાળા. નામ અજાણ્યું લાગ્યું ને? અરે ભાઈ, દક્ષિણ ગુજરાતમાં ફક્ત જયંત પાઠક, ઉશનસ્ અને ભગવતીકુમાર શર્મા એમ ત્રણ મોટા ગજાના કવિઓ જ નથી થયા. ચોથું એક ગૌરવશાળી પ્રતિભાશાળી નામ ગુજરાતે વિસારી પાડી દીધું છે એ બાબતની આખા ગુજરાતમાં વસતા કાવ્યપ્રેમીઓને અને ભાષાના શિક્ષક સમુદાયને શરમ આવવી જોઈએ. પેલી મહાન સાક્ષર ત્રિપુટીની જેમ એમનાં રૂટ્સ દક્ષિણ ગુજરાત બહાર નહોતાં. બાય ધ વે, જયંત પાઠક અને ઉશનસ્ પંચમહાલ ગોત્રના છે અને ભગવતીકુમારના વડવા દહેગામ પાસેના નાંદોલના ભૂદેવો. આ મઢીવાળા તો બારડોલી નજીક મઢીના. એક જમાનામાં સોળે સોળ આના દક્ષિણ ગુજરાતના વનવિસ્તારનું જ ફરજંદ હતા. વતન મઢીને આ કવિએ પોતાની અટક સાથે જોડીને અને કવિતાની ફ્રેમમાં મઢીને એના પ્રત્યેના ઊંડા મમત્વનો પરિચય કરાવ્યો છે. જન્મ સંભ્રાન્ત વૈષ્ણવ વણિક પરિવારમાં. પિતાની અટક તો 'મહેતા' હતી. શાળામાં પ્રવેશ વખતે શેઠ પરિવારનું સંતાન છે એમ ધારીને માસ્તરે 'શાહ' અટક લખી દીધી. કવિ તરીકેના અવતારને, ભણી ગણીને ન્યાયાધીશ બની ગયેલા હસમુખ શાહે લાગણીભીની નવી વતનલક્ષી અટક આપી. આપણા મોટા ગજાના વાર્તાકાર ઈશ્વર પેટલીકરની જેમ! પેટલીકર ચરોતરના પાટીદાર હતા અને પેટલી નામના ખોબા જેવડા ગામમાં જન્મી ગુજરાતી ભાષાના સમર્થ વાર્તાકાર તરીકે ગજું કાઢીને એમણે શેષ જિંદગી ઉત્તમ લોકચિંતક તરીકે અમદાવાદમાં વ્યતીત કરી હતી. જીવ્યા ત્યાં સુધી એક બહુ મોટા અખબારમાં 'લોકસાગરને તીરે તીરે' શીર્ષક હેઠળ લખતા રહ્યા હતા.

હસમુખ મઢીવાળા તો વકીલાત કરતાં કરતાં જજ બની ગયા હતા એટલે વ્યાવસાયિક મર્યાદા અને પ્રોટોકોલ મુજબ સમાન રુચિ ધરાવતા સાહિત્ય સર્જકો સાથે બહુ હળીમળી શકતા પણ નહોતા. આમ પણ અંતર્મુખી સ્વભાવના તો હતા જ. એમાં ભળી ન્યાયસંહિતાની મર્યાદા, પણ માંહ્યલી પા ઊછળકૂદ કરતી કવિતા નામની સુંદરી બહાર ડોકાયા વિના રહે ખરી? એ નિર્બંધ થઈ રેલાતી રહી પણ ફક્ત સ્વાન્તઃસુખાય! એને મોકળું મેદાન નસીબ ન જ થયું, પણ એથી કલમ કે કાગળને શો ફરક પડવાનો હતો? શું લેખક કે કવિ બનવા માટે ફક્ત શૈક્ષણિક કે અધ્યાપકીય કારકિર્દી જરૂરી છે? શું મુશાયરો લૂંટે એ જ શાયર ગણાય? યુગે યુગે સમર્થ સર્જકો તો આપણને એ કૂંડાળાંની બહારથી જ સાંપડતા રહ્યા છે. આપણા પ્રશિષ્ટ નવલકથાકાર નંદશંકર, ગોવર્ધનરામ કે મુનશી અને ર.વ.દેસાઈ 'પ્રોફેસર' નહોતા. પન્નાલાલ પટેલ તો ખેડૂત હતા. સુરતના જ શાયર ગની દહીંવાલા ધોબી કે દરજી કામ કરી પેટિયું રળતા હતા. મરીઝની જેમ હસમુખ મઢીવાળા કવિતાનું વરદાન લઈ અવતર્યા હશે એટલે અંતિમ શ્વાસ સુધી એ કવિતાને છાતીએ



ચાંપીને જીવ્યા. એટલું જ નહીં, એમની એ મહામૂલી મૂડી એમનાં સુયોગ્ય વારસદારોને વસિયતનામું કરીને સોંપતા ગયા. મૂળે એ પરિવારપ્રિય 'માનવી' હતા એટલે એમને કવિતાનાં તમામ ક્ષેત્રોમાં મહારત હોવા છતાં ઊલટભેર પરિવારની કવિતા લખવાનું વધારે ગમ્યું, બોટાદકરની જેમ. એમણે સાદી સીધી છતાં ખૂબ સુંદર અને અસરકારક ભાષાશૈલીમાં કુટુંબપ્રીતિની કવિતા કરી છે જે છિન્નભિન્ન

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

થઈ રહેલા આપણા સંબંધોના વિષાદયોગને પ્રસાદયોગમાં ફેરવવા માટેની ગુરુકિલ્લી સિદ્ધ થઈ શકે એમ છે. એમણે કંઈ પસંદગીની કન્યા સાથે લગ્ન નહોતાં કર્યાં. પિતાની પ્રતિષ્ઠા સામે બંડ પોકારી શકે એવી પરિસ્થિતિ જ નહોતી. એવો જમાનો પણ નહોતો. એટલે આબરૂદાર વણિક પરિવારની દીકરીનું માગું આવ્યું ત્યારે સહેજ અણગમો વ્યક્ત કરીને જ અટકી ગયા હતા, પણ એ જ અલ્પ શિક્ષિત ચંદ્રિકાબહેનનું ભીતર એવું ભીનું ભીનું હતું કે કવિ ન્યાયાધીશની દમામદાર ખુરશી પર બેસીને પણ પત્નીને રીઝવતી અસંખ્ય કવિતાઓ રચવા મજબૂર થઈ ગયા હતા!

*તું છે પસંદ તારી સૌ હરકત પસંદ છે »»*

*તું હોય કે ના હોય, પણ તું હોય છે સદા*
*આઠે પ્રહરની તારી એ સંગત પસંદ છે*
*ચ્હેરો રૂપાળો, ઘાટીલી, મોહક બધી અદા*
*તારી રૂપાળી આવજા ને વટ પસંદ છે*
*તસતસતો કમખો, સાળુના એ રમ્ય લહેરિયા*
*કેફી પીણાંથી છલકતો એ ઘટ પસંદ છે..*
*ભાષા ભલે ના પ્રૌઢ કે ભપકા ભરેલી પણ*
*નાંખે ટપાલમાં નહીં તે ખત પસંદ છે...*

પહેલી નજરે એમ પણ લાગે કે કવિ કદાચ એમની યુવાવસ્થામાં મળેલી અને જેની સાથે સામાજિક વિરોધને કારણે લગ્નગ્રંથિથી નથી જોડાઈ શક્યા એવી પ્રેમિકાની પ્રશસ્તિ કરે છે. પરંતુ તો પછી આ 'પડછાયો' શીર્ષક હેઠળના સોનેટની કંડિકા વાંચો:

**... મને આખે રસ્તે સરસ સથવારો મળી ગયો..**
**અરે જેની હૂંફે ભય સફરનો સૌ ટળી ગયો!**
**અથવા પછી એમનું 'પચાસમી લગ્નગાંઠ' વાળું સોનેટ -**
**...તેવે ટાણે પગલી ભરીને ચોરીની આસપાસ**
**લાવ્યો એને ઘરની મહીં હું હાથમાં ઝાલી હાથ,**
**++++**
**પાછી ન્યાળી વળી પદ તણી ઉન્નતિ ને પ્રતિષ્ઠા**
**સાથે પામ્યા દીકરી દીકરો હેમનાં મત્સ્ય જેવાં**
**એવા મારા ખટમધુર સંસારથી તુષ્ટ હૈયું -**
**આજે તો ના મહસૂસ કરે કૈં મણા કે કચાશ**
**થોડા એવા સમય પછીથી વર્ષ થાશે પચાસ!**

એક હાસ્યગીતમાં તો કવિ 'અમે તમારા ચાકર' કહીને મીરાં કૃષ્ણને રીઝવવા મથતી હોય એમ પત્નીને લાડ લડાવી રીઝવે છે. પત્નીનું પ્રદાન પણ ક્યાં ઓછું આંકી શકાય એવું હતું? એણેસ્તો જીવન દરમિયાન સૂકીલીલીમાં ઉષ્માસભર સધિયારો આપ્યો હતો અને દાંપત્યજીવનનાં અમૃતફળ સમાં, 'હેમનાં મત્સ્ય' જેવાં ફરજંદ જણ્યાં હતાં! એ ના મળી હોત અને કોઈ ટાપટીપ વાળી શોખીન મડમડી આવી મળી હોત તો કોણ જાણે જીવનની સંઘર્ષયાત્રામાં ટકી શકી હોત કે કેમ! કવિએ એકસાથે પરિવાર, અદાલત અને સાહિત્યનો ત્રિવેણી સંગમ રચી ત્રણે ક્ષેત્રે ન્યાયસંગત અભિગમ રાખ્યો હતો એટલેસ્તો સાહિત્ય સંસ્થાઓ મારફત ઉવેખાયેલા વહાલપના વડલાની ભવ્ય શતાબ્દી ઊજવી એમને પુનઃપલ્લવિત કરવાનો પારિવારિક પુરુષાર્થ થયો. જાગૃતિ અને અભિલાષભાઈ પોતે પણ એમના પિતાના પગલે ચાલી યથાશક્તિ સાહિત્ય સર્જન કરી રહ્યાં છે. જાગૃતિની લાડલી શિખા અંગ્રેજી માધ્યમમાં ભણીને અંગ્રેજી કવિતા લખે છે. આવું પિતૃતર્પણ કોઈ સમયે ન્હાનાલાલ કવિએ પ્રતાપી પિતા દલપતરામનું કર્યું હતું અને મેઘાણી પરિવાર મેઘાણીનું કરતો રહ્યો છે. વર્ષા અડાલજાએ પણ દરિયાઈ કથાઓના લોકપ્રિય નવલકથાકાર પિતાનું જીવનચરિત્ર લખ્યું હોવાનું જાણવા મળ્યું છે. મઢીવાળાનું તો ત્રિસ્તરીય તર્પણ થવું ઘટે. દક્ષિણ ગુજરાતે નર્મદથી લઈ ભગવતીકુમાર સુધીના સર્જકોને અઢળક લાડ લડાવ્યાં છે. એ જ રીતે આ ભૂમિએ, કશી જ અપેક્ષા વગર કવિતાની અઠંગ ઉપાસના કરનારા પોતીકા કવિની શતાબ્દી ઊજવીને હસમુખ મઢીવાળાને ઊજવવા જોઈએ. બીજું એમના વિશે અન્યત્ર ના થઈ શકે તો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસપૂર્ણ સંશોધનકાર્ય થવું જોઈએ અને ત્રીજું એમની કાનૂની જમાતે એમને વિશિષ્ટ સેલિબ્રિટી તરીકે પોંખવા જોઈએ. એ હવે એમના પરિવારજનો પૂરતા સીમિત ન રહેતાં આપણી સાંસ્કૃતિક વિરાસત તરીકે સ્થાપિત થઈ જાય એ જરૂરી છે. તમે શું માનો છો?

# મિલના ઝુલના અભી ભી હૈ લેકિન હાથ સે હાથ અબ ન મસને કે

ગયા રવિવારે ભારત-પાકિસ્તાન વચ્ચે ફરી એક મેચ રમાઈ. આ વખતે ટી-20 વિશ્વ કપની મેચ હતી. ફરી એક વાર પાકિસ્તાન ખરાબ રીતે હાર્યું. ફરી એક વાર પાકિસ્તાની ચાહકોને નિરાશા થઈ. પરંતુ પાકિસ્તાની ચાહકો કરતાં ભારતમાં રહેલા કેટલાક પાકિસ્તાની પ્રેમીઓને વધુ નિરાશા થઈ.

ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાની ક્રિકેટરો સાથે હાથ ન મેળવ્યા તેમાં રવીશકુમારે તો હાથ પર વ્યંગ કરી નાખતો વિડિયો બનાવી નાખ્યો. યથાર્થમાં તો એશિયા કપ વખતે પાકિસ્તાની ક્રિકેટ બૉર્ડના અધ્યક્ષ મોહસીન નકવીએ એશિયા કપની ટ્રૉફી ભારતીય ખેલાડીઓને ન આપી, તે પછી ભારત વિરોધમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ચડાવી, ટી-20 વિશ્વ કપનો બહિષ્કાર કરવા કહ્યું કારણ કે બાંગ્લાદેશના ખેલાડી મુસ્તફિઝુર રહમાનને આઈપીએલમાં શાહરુખ ખાનને તો રમાડવો હતો પણ ભારતીય ક્રિકેટ નિયંત્રક બૉર્ડે ના પાડી દીધી.

બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા થાય છે અને બાંગ્લાદેશે ભારતને સુરક્ષાના કારણોસર રમવાની ના પાડી દીધી, બોલો વાત ગળે ઉતરે? આઈસીસીએ બાંગ્લાદેશનો વાંધો ન માન્ય રાખતાં તેના બદલે સ્કૉટલેન્ડને તક મળી. પાકિસ્તાનની આ દાળ ન ગળી એટલે પાકિસ્તાને ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની વાત કરી, પણ પાકિસ્તાનના કંઈક અંશે સમજુ લોકોએ સમજાવ્યું હશે કે નહીં રમો તો ભારતને કોઈ અંતર નહીં આવે, ટી-20 વિશ્વ કપ પણ રંગેચંગે રમાશે, તકલીફ આપણને થશે. નાક આપણું કપાશે કે હારની બીકે આપણે રમવાની ના પાડી. વળી, પાકિસ્તાની ક્રિકેટરોના પૈસા જશે તે અલગ. એટલે વળી, આઈસીસી સામે પાકિસ્તાને ત્રણ શરત મૂકી. તેણે કહ્યું કે તેને આવકનો મોટો હિસ્સો આપવામાં આવે. બીજી શરત મૂકી કે ભારત સાથે પાકિસ્તાનની દ્વિપક્ષીય શ્રેણી ફરીથી શરૂ કરવામાં આવે. ત્રીજી શરત મૂકી કે ભારતીય ક્રિકેટરો મેચમાં પાકિસ્તાની ક્રિકેટર સાથે હાથ મેળવે.

કેવી નાના બાળક જેવી શરત!

આઈસીસીએ એક પણ શરત માન્ય ન રાખી અને પાકિસ્તાને નીચી મુંડી રાખીને ભારત સામે રમવાનું સ્વીકાર્યું અને ભારતીય ક્રિકેટરોએ હાથ પણ ન મેળવ્યો. ઉલ્લેખનીય છે કે પહલગામમાં પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદીઓએ ધર્મ પૂછીને 25 હિન્દુઓ અને એક ખ્રિસ્તી પર્યટકોની હત્યા કરી તેના વિરોધમાં ભારતીય ક્રિકેટરોએ એશિયા કપમાં પણ હાથ મેળવ્યો નહોતો. પરંતુ પાકિસ્તાનની નફ્ફટાઈ જુઓ. તેને ભારત સાથે રમવું પણ છે, પૈસા પણ કમાવા છે, બાંગ્લાદેશને ચડાવીને ક્રિકેટને રાજકારણનો રંગ પણ આપવો છે અને જ્યારે તેને ખબર પડે છે કે રમ્યા વગર છૂટકો નથી ત્યારે આઈસીસી સામે નાનું બાળક જેમ શરત મૂકે કે 'લેસન કરવા તો બેસું પણ મને ચોકલેટ લઈ દેવાની, મને તારે વ્હાલ કરવાનું અને




પછી મારી સાથે રમવાનું', તેવી શરત મૂકી.

બે દેશોએ ક્રિકેટ શ્રેણી રમવી કે નહીં, તે તેમનો અંગત વિષય છે. તેથી આઈસીસીએ ના પાડી દીધી. હાથ મેળવવાનું પણ કોઈ નિયમ પોથીમાં લખ્યું નથી. તેથી તેમાં પણ આઈસીસી કંઈ કહી ન શકે અને આવકનો હિસ્સો એમ જો વધારી દે તો બીજા દેશો પણ આવાં રિસામણા-મનામણા કરતા થઈ જાય.

**અબીલ ગુલાલ**
**જયવંત પંડ્યા**

એટલે ગત રવિવારે ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાની ક્રિકેટરો સાથે હાથ ન મેળવ્યા. તેમાં અગાઉ કહ્યું તેમ રવીશકુમારને મગજ પર તાવ ચડી ગયો હોય તેમ તેણે સાવ ભંગાર વ્યંગ્ય કર્યો કે "ભારતીય ક્રિકેટરોએ હાથ ભલે ન મેળવ્યા પરંતુ પાકિસ્તાની બૅટ્સમેનના બૅટથી નીકળેલા શૉટને ભારતીય ખેલાડીએ કેચ કરી લીધો તે હાથ મેળવ્યા બરાબર જ છે! તે કેચ નાકથી નહોતો પકડ્યો, કાનથી નહોતો પકડ્યો, દાંતથી નહોતો પકડ્યો, હાથથી જ પકડ્યો હતો. એટલે હું સમજી ગયો કે ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મેળવ્યો પણ હાથનો ઉપયોગ થતો રહ્યો."

રવીશકુમારને કોણ સમજાવે કે ક્રિકેટ હાથથી રમવાની જ રમત છે, ફૂટબૉલની જેમ પગેથી રમવાની રમત નથી.

પરંતુ માત્ર રવીશકુમારને જ તકલીફ નથી પડી. અમન કી શાંતિના સમયની સદા રાહ જોતા એક સમાચાર સમૂહના એક આર્થિક સમાચાર પત્રને પણ તકલીફ પડી. તેણે લખ્યું કે 'ઇતિહાસ તેને કઠોરતા સાથે જોશે, પ્રશ્ન પૂછશે.' બોલો, આ સમાચારપત્રને પાકિસ્તાનની અવળચંડાઈ, નિર્દોષ ભારતીયોનું વહેલું લોહી દેખાતું નથી. 26 વિધવા સ્ત્રીઓની પીડા દેખાતી નથી, પણ પાકિસ્તાની ક્રિકેટરો સાથે ભારતીય ક્રિકટરોએ હાથ કેમ ન મેળવ્યા તે ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે તેમ કહે છે.

આ જ રીતે પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરને પણ પેટમાં દુઃખ્યું. તેણે લખ્યું કે "ભારતે હાથ ન મેળવવાની જે ચેષ્ટા શરૂ કરી છે તે મૂર્ખતાવાળી બાબત છે. કાં તો રમતને રમતની ભાવના સાથે રમો, કાં તો રમો જ નહીં."

એટલે પૂર્વ ક્રિકેટર અને આપણા જામનગરના બાપુ અજય જાડેજાએ તેના ટ્વીટને ક્વૉટ કરી ઉત્તર આપ્યો, "સંજય, મને બતાવ, એક પણ ભારતીય ક્રિકેટરે ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનની મજાક ઉડાવી હોય. તું એક પણ શોધી નહીં શકે. આ જ તફાવત છે અને હાથ મેળવવા અનિવાર્ય નથી.' અજય જાડેજાએ પાકિસ્તાની ક્રિકેટર ફહીમ અશરફની છબિ શૅર કરી હતી જેમાં પાકિસ્તાની સૈનિકના ગણવેશ પર સેના લખેલું છે અને તે ભારતના ધ્વજ રૂપી સાડી પહેરેલી સ્ત્રીના સેંથામાં સિંદૂર પૂરે છે.

પાકિસ્તાનના સાત ક્રિકેટરોએ ઑપરેશન સિંદૂર સમયે ભારત વિરુદ્ધ ઝેર ઓકેલું. પણ સંજય માંજરેકર, રવીશકુમાર અને 'અમન કી આશા' હજુ પણ ધરાવતા સમાચારપત્રને તે દેખાતું નથી.

**ગત રવિવારે ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાની ક્રિકેટરો સાથે હાથ ન મેળવ્યા. તેમાં અગાઉ કહ્યું તેમ રવીશકુમારને મગજ પર તાવ ચડી ગયો હોય તેમ તેણે સાવ ભંગાર વ્યંગ્ય કર્યો કે "ભારતીય ક્રિકેટરોએ હાથ ભલે ન મેળવ્યા પરંતુ પાકિસ્તાની બૅટ્સમેનના બૅટથી નીકળેલા શૉટને ભારતીય ખેલાડીએ કેચ કરી લીધો તે હાથ મેળવ્યા બરાબર જ છે!**

સેનાના પૂર્વ સીડીએસ બીપીન રાવતે સાચું જ કહ્યું હતું, ભારતે અઢી મોરચે લડાઈ લડવાની છે.

*એક શૅર છે કે :*
*દુશ્મની લાખ સહી, ખત્મ ન કીજે રિશ્તા,*
*દિલ મિલે યા ન મિલે, હાથ મિલાતે રહિએ*
*વર્તમાન સમયમાં આ શૅર વધુ પ્રાસંગિક છે:*
*મિલના ઝુલના અભી ભી હૈ લેકિન હાથ સે હાથ અબ ન મસને કે.*